## વિક્ટિમ સપોર્ટ (હુમલાનો ભોગ બનેલાં લોકો માટે સહકાર) કેવી રીતે મદદ કરી શકે

જો તમે માનતાં હો કે તમે વર્ણીય ગુનાનો કે પ્રસંગનો ભોગ બન્યાં છો, તો વિક્ટિમ સપોર્ટ તમને મદદ કરી શકે છે. જે થયું છે તેનો અહેવાલ પોલીસને આપવો જરૂરી નથી. અમારી સેવા મફત, ખાનગી અને સમાજના બધા જ વિભાગો માટે ખુલ્લી છે.

વર્ણીય ગુનો/પ્રસંગ એક જ વખતે બનેલી બાબત હોય, કે પછી અમુક સમય ગાળા સુધી ચાલુ રહેલી કનડગત પણ હોય. તમને અથવા તમારા કુટુંબને થયેલી કનડગતમાં નીચેની કોઇ પણ બાબતનો સમાવેશ થઇ શકે છે:

- અપમાન
- ધમકી
- દીવાલો પર ચિતરામણ (ગ્રફિટી)
- માલમિલકતની નુકસાની
- દાદાગીરી
- શારીરિક હુમલા.

વિક્ટિમ સપોર્ટ માને છે કે **તમારી** દૃષ્ટિએ શું થયું છે તે જ મહત્ત્વનું છે. અમે જાણીએ છીએ કે હુમલાની અસર લાંબો સમય રહે છે, ખાસ કરીને જ્યારે તેનો ભોગ તમે ફરી ફરી બન્યાં હો.

વિક્ટિમ સપોર્ટની મદદ તમે ગુનો થયા પછી તરત જ, કે થોડા સમય પછી પણ લઇ શકો છો. અમે નીચે આપેલી બાબતો દ્વારા મદદ કરીએ છીએ:

- તમારા સમાજમાં વિક્ટિમ સપોર્ટની યોજનાઓ
- ક્રાઉન કોર્ટનાં કેન્દ્રોમાં અને ઘણી મેજિસ્ટ્રેટોની કોર્ટોમાં સાક્ષી સેવા
- અમારી વિક્ટિમ સપોર્ટ લાઇનની ટેલિફોન સેવા.

વિક્ટિમ સપોર્ટ સંવેદનાશીલ ટેકો, માહિતી અને વ્યવહારુ મદદ પૂરી પાડે છે.

ગુનાનો ભોગ બનેલાં માટે વિક્ટિમ સપોર્ટ એક રાષ્ટ્રીય ધર્માદા સંસ્થા છે. હુમલાનો ભોગ બનેલાં લોકોના, સાક્ષીઓના અને તેમનાં કુટુંબોના હકો, અને હુમલાની અસર વિશે વધુ જાગૃતિ ઊભી કરવા માટે પણ અમે કામ કરીએ છીએ. દર વર્ષે વિક્ટિમ સપોર્ટ ગુનાના ભોગ બનેલાં 1,000,000 થી વધારે લોકોને મદદ પ્રદાન કરે છે.

અમારા કાર્યકારો જાણે છે કે તમે એક અલગ વ્યકિત છો, અને દરેકનું વલણ જાદું જાદું હોય છે.

તમે કોઇ સાથે ખાનગીમાં વાતચીત કરી શકો તેવી સગવડ વિક્ટિમ સપોર્ટ પ્રદાન કરે છે. અમારા સ્વયંસેવકો લોકોને તેમનાં પોતાનાં ઘરોમાં કે બીજી કોઇ જગ્યાએ મળી શકે છે. જો તમારી ભાષા બોલનાર અમારી પાસે નહીં હોય તો અમે દુભાષિયાની સગવડ કરવા પ્રયત્ન કરશું.

વિક્ટિમ સપોર્ટ પોલીસ અને કોર્ટની કાર્યવાહી વિશે માહિતી પૂરી પાડી શકે છે અને, જરૂર હોય ત્યાં પોલીસ સ્ટેશને કે કોર્ટમાં તમારી જોડે કોઇ સ્વયંસેવક આવે તેવી સગવડ કરી શકે છે.

વિક્ટિમ સપોર્ટ તમારા વતી પોલીસ અને હાઉઝીંગ ડિપાર્ટમેન્ટો જેવી બીજી સંસ્થાઓ જોડે વાટાઘાટ કરી શકે છે.

વિક્ટિમ સપોર્ટ તમને રીપેર કરાવવા, સલામતી સુધારવા અને ગ્રફિટી ધોઇ નાખવા જેવી બાબતોમાં વ્યવહારુ મદદ પૂરી પાડતી વ્યક્તિઓ કે સંસ્થાઓના સંપર્કમાં પણ મૂકી શકે છે.

### ખૂન

આવી દુ:ખદ પરિસ્થિતિમાં આવી પડેલાં લોકોને મદદ કરવા અમારા કાર્યકરો અને સ્વયંસેવકોએ તાલીમ લીધી હોય છે. દર વર્ષે મૃત્યુના દુ:ખમાં પીડાતાં લોકોને અમારી મદદ મળે છે.

### વળતર

પોતાને થયેલી ઈજાઓ માટે ગુનાનો ભોગ બનેલાં લોકો ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પનસેશન ઓથોરિટી પાસેથી વળતર માટે હકદાર હોય પણ ખરાં. વિક્ટિમ સપોર્ટ વધુ માહિતી અને વળતર માટે દાવો કરવામાં મદદ પૂરી પાડી શકે છે.

### કોર્ટમાં મદદ

જો તમારો કેસ કોર્ટમાં જવાનો હોય, તો વિક્ટિમ સપોર્ટની સાક્ષી સેવા – બધાં ક્રાઉન કોર્ટ કેન્દ્રોમાં અને હવે વધુ ને વધુ સંખ્યામાં મેજિસ્ટ્રેટોની કોર્ટોમાં ઉપલબ્ધ – તમને અને તમારા કુટુંબને કોર્ટની કાર્યવાહી વિશે ટેકો અને માહિતી પૂરાં પાડી શકે છે.

## વિક્ટિમ સપોર્ટનો સંપર્ક કેવી રીતે સાધવો

તમે ગુનાની પોલીસને જાણ કરવા ન માગતાં હો  તો પણ તમે સીધા જ વિક્ટિમ સપોર્ટનો સંપર્ક સાધી શકો છો.

જો તમે પોલીસને ગુનાની જાણ કરશો તો સામાન્ય રીતે તેઓ તમને તમારા સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સાથે સંપર્કમાં મૂકી આપશે.

## Victim Supportline

**0845 30 30 900**

*સોમવારથી શુક્રવાર સવારના 9.00 થી સાંજના 9.00 સુધી*
*શનિવાર અને રવિવાર સવારના 9.00 થી સાંજના 7.00 સુધી*
*બેન્ક હોલીડેઝના સવારના 9.00 થી સાંજના 5.00 સુધી*

*PO Box 11431, London SW9 6ZH.*

*હાલમાં ફોનકોલ ફક્ત અંગ્રેજીમાં જ લેવાય છે.*

ગુનાનો ભોગ કે સાક્ષી બનેલાં લોકો માટે વિક્ટિમ સપોર્ટલાઇન એક રાષ્ટ્રીય ટેલિફોન લાઇન છે. તાલીમ પામેલા કાર્યકરો અને સ્વયંસેવકો વિક્ટિમ સપોર્ટ મારફત ઉપલબ્ધ સેવાઓ વિશે વાતચીત કરી શકે છે અને તમને સ્થાનિક યોજના અથવા સાક્ષી સેવાના સંપર્કમાં મૂકી શકે છે.

### મંતવ્યો અને ફરિયાદ

અમારી સેવાઓ વિશેનાં તમારાં મંતવ્યો વિક્ટિમ સપોર્ટ આવકારે છે. ફરિયાદ માટે એક ઔપચારિક કાર્યવાહી છે. વધુ વિગત માટે તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ યોજના/સાક્ષી સેવા અથવા રાષ્ટ્રીય ઓફિસનો (પાછલા પાના પર જુઓ) સંપર્ક કરો.